પૂર્વછાયો- હવે હિંદુસ્તાનના, **વળી** લખું પરચા જેહ ।
સામર્થી શ્રીમહારાજની, સાંભળજ્યો કહું તેહ ॥૧॥
ધન્યધન્ય ધુવા ગામમાં, હરિજન જાતિ લુવાર ।
ભલા ભકત ભગવાનના, જેને હૈયે હેત અપાર ॥૨॥
એક બિંદા નામે જન જાણો, ભજે હરિ કરી ભાવ ।
તેની કાકી કુસંગણી, દલમાંહિ દુષ્ટ સ્વભાવ ॥૩॥
કરે ખેચરી નિત્ય ખરી, જેને હરિસંગાથે વેર ।
સતસંગી જાણી રીશ આણી, વાણી વદે જેવી ઝેર ॥૪॥

ચોપાઇ- બોલે અવળું ને નાખેછે આળ્યું, દિયે વણ વાંકે નિત્ય ગાળ્યું ।
સુતાંબેઠાં જાગતાં એ જાપ, ખાતાં પીતાં વઢે નિત્ય આપ ॥૫॥
કહે બિંદો તે બગડી ગયો, કરી સતસંગ સ્વામીનો થયો ।

એવું સહજાનંદમાં શું ભાળ્યું, એમ કહી કહી દીયે ગાળ્યું ॥૬॥
શ્વાસઉશ્વાસે એજ સ્મરણ, ભૂલી નહિ જ્યાં લગી આવ્યું મરણ ।
ત્રુટી નાડીયો પીડાણા પ્રાણ, આવ્યા લેવા દિઠા જમરાણ ॥૭॥
અતિ કાળા રિસાળા વિકાળ, કોધવાળા કરુર કોપાળ ।
એવા દિઠા જમદૂત જ્યારે, દેવીદેવને સંભાર્યા ત્યારે ॥૮॥
વળી સેવ્યા હતા ભેખધારી, તેહ સર્વેને જોયા સંભારી ।
પણ કેણે કરી નહિ સાય, ડોશી પડી મહા દુઃખમાંય ॥૯॥
મારોમારો કરે જમરાણ, ડારે ડોશી થઈ છે હેરાણ ।
પછી તે સમે સ્વામી સંભાર્યા, લીધું નામ જમ સુણી ડર્યા ॥૧૦॥
ત્યારે ડોશીએ વારમવાર, કર્યો સ્વામિનામનો ઉચ્ચાર ।
આવ્યા અલબેલો એહ વાર, પોતા સાથે સખા અસવાર ॥૧૧॥
આપે બેઠા છે રથ અનુપે, શોભે છે રવિ કોટિ સ્વરૂપે ।
જોઈ આશ્ચર્ય આવિયાં જન, કર્યાં લાખો લોકે દરશન ॥૧૨॥
આવ્યા ડોશીને પાસે દયાળ, દેખી જમ ભાગ્યા તતકાળ ।
પછી ડોશીએ કર્યાં દર્શન, કરે સ્તુતિ કહે ધન્યધન્ય ॥૧૩॥
અહો પતિતપાવન ટેક, મારો ન જોયો અવગુણ એક ।
આ સમે સાય કિધું છે મારું, તેતો બિરૂદ સંભારી તમારું ॥૧૪॥
એમ કરી સ્તુતિ જોડી હાથ, તજી તન ચાલી હરિસાથ ।
સર્વે લોક કહે ધન્યધન્ય, આવડું શિયું ડોશીનું પુણ્ય ॥૧૫॥
આતો પરચો પૂર્યો ભગવાને, હશે મૂરખ તે નહિ માને ।
વળી એક કહું બીજી વાત, સહુ સાંભળજ્યો છે સાક્ષાત ॥૧૬॥
વળી એહ ગામે એહ જાત, ભક્ત ઠાકુરદાસ વિખ્યાત ।
તેની પત્ની નામ ધનુબાઈ, પ્રીત્ય બેઉને મહારાજમાંઈ ॥૧૭॥
કહે માંહોમાંહિ નરનાર, હવે તજવો વિષય વિકાર ।
થયાં સાંખ્યયોગી નરનારી, રહે ભેળાં પાળે વ્રત ભારી ॥૧૮॥
કોઈ કોઈનું અડે અંબર, કરે ઉપવાસ નારીનર ।
અજાણ્યે જો બેઉમાં બોલાય, તેહ દિવસે અન્ન ન ખવાય ॥૧૯॥

જ્યારે ઘરમાંઈ હોય નાર, ત્યારે પુરુષ બેસે જઈ બાર ।
જ્યારે પુરૂષ હોય ઘરમાંઈ, ત્યારે બાર બેસે જઈ બાઈ ॥૨૦॥
પાળે વ્રત એવું માંહોમાંઈ, વિષયવાસના ન ઈચ્છે કાંઈ ।
એવી રીત્યે વીત્યા બહુ દન, કરે સ્વામીશ્રીજીનું ભજન ॥૨૧॥
તેતો સત્સંગી સર્વે જાણે, વર્તે છે સાંખ્યયોગ પ્રમાણે ।
હરિભક્તને લાગે એ સારું, બીજા વિમુખને લાગે ખારૂં ॥૨૨॥
કહે વિમુખ એમ અભાગી, જોજ્યો થઈ બેઠાં બેઉ ત્યાગી ।
શું સમજીને તજ્યો સંસાર, એમ બોલે બહુ નરનાર ॥૨૩॥
સતસંગ કહો કેમ કરિએ, કરિએ તો એ જેવાં થઈ ફરીએ ।
માટે વાત તો છે ઘણી સારી, પણ ધારીયે તો થાય ખુવારી ॥૨૪॥
એવું જાણીને જગજીવન, દિધાં એ બેઉને દર્શન ।
ભેળા બ્રહ્મચારી છે મુકુંદ, આવ્યા જન પાસે જગવંદ ॥૨૫॥
કહે ઠાકુરદાસને સ્વામી, થયું પુરૂં વ્રત નિષ્કામી ।
એહ ટેક ગ્રહી છે જે તમે, આજ મુકાવિએ છીએ અમે ॥૨૬॥
જે પાળે ગૃહસ્થ વ્રતમાન, તે સહુ સાંખ્યયોગીને સમાન ।
માટે માની અમારું વચન, કર્મયોગી થઈ કરો ભજન ॥૨૭॥
એમ કહી એને અવિનાશ, ગયા બીજા હરિજન પાસ ।
દિધાં દશવિશને દર્શન, થઈ પોત્યે પ્રભુજી પ્રસન્ન ॥૨૮॥
કેક કુસંગીએ પણ દિઠા, પ્રકટ પ્રમાણ રથે બેઠા ।
નરનારી સહુ આશ્ચર્ય પામ્યાં, ધન્યધન્ય કહી શિશ નામ્યાં ॥૨૯॥
કહે સાચા સ્વામી સાચા જન, થયાં એ વડ્યે અમને દર્શન ।
આતો પરચો અલૌકિક જાણો, સહજાનંદ સમર્થ પ્રમાણો ॥૩૦॥
વળી એ ગામે લુવારમાંઈ, હરિજન નામ ગાંગુબાઈ ।
અતિહેત પ્રીત્યે ભજે હરિ, પાળે નિયમ સર્વે ભાવે કરી ॥૩૧॥
એક દિવસ બાઈને સંગે, ગઈ ઈધણાં લેવા ઉમંગે ।
વીણે ઈધણાં ગરબી ગાય, અતિહેત હૈયામાં ન માય ॥૩૨॥
જોઈ પ્રેમ એનો અવિનાશ, આવ્યા પ્રકટ પ્રભુજી પાસ ।

દિધાં સહુ બાઈયોને દર્શન, નિર્ખિ નાથને થયાં મગન ॥૩૩॥
વાલો ગાવા લાગ્યા સંગે ગીત, જોઈ પોતાના જનની પ્રીત ।
નિર્ખિ સ્વામી શ્રીસુખદાઈને, થઈ સમાધિ ગાંગુબાઈને ॥૩૪॥
દિઠો બ્રહ્મમહોલ ગોલોક, શ્વેતદ્વીપ વૈકુંઠ વિશોક ।
અક્ષરધામ ને ધામના વાસી, દિઠા સમાધિમાં સુખરાશી ॥૩૫॥
જોયાં ધારણામાં જેજે ધામ, જાગી લીધાં છે તેહનાં નામ ।
સુણી આશ્ચર્ય પામિયાં સહુ, કહે આતો વાત મોટી બહુ ॥૩૬॥
જોને પ્રભુજી પ્રકટ પ્રમાણ, દિધાં દર્શન શ્યામ સુજાણ ।
આતો વાત અલૌકિક ભારી, થયો પરચો કહે નરનારી ॥૩૭॥
વળી દ્વિજભક્ત એહ ગામે, ભાઈ બે બુદ્ધ મદારી નામે ।
ભજે પ્રભુ પ્રકટ પ્રમાણ, જાણી સતસંગ સાચો સુજાણ ॥૩૮॥
કરે ઉદ્યમ નિર્વાહકાજ, ભાવેશું ભજે શ્રીમહારાજ ।
એક દિવસ વેવાર સારું, કર્યું માંહોમાંહિ મારું તારું ॥૩૯॥
તેને વીતિ ગઇ ઘડી ચાર, ત્યારે બુદ્ધે કર્યો છે વિચાર ।
ધિકધિક એ વહેવારમાંઈ, એક હરિભક્ત મારો ભાઈ ॥૪૦॥
તે શું બોલ્યો હું તાણ્યમતાણ્ય, મું જેવો નહિ કોઈ અજાણ્ય ।
એમાં કુરાજી થાશે મહારાજ, એથી ખોટ્ય મોટી શી છે આજ ॥૪૧॥
એમ કહીને બેઠો ભજને, માનસી પૂજા કરવા મને ।
પછી માનસી પૂજામાં ઘણી, કરી સ્તુતિ સ્વામી સંતતણી ॥૪૨॥
અતિ દીનપણું દલ આણી, બોલ્યા ગદ્‌ગદ્‌ કંઠે વાણી ।
થયો અપરાધ મુંથી મહારાજ, તેનો ગુનો બક્સજ્યો આજ ॥૪૩॥
એવી સાંભળી જનની વાણી, આવ્યા દીનબંધુ દીન જાણી ।
દિધાં દાસને દર્શન નાથે, નિરખ્યા બાઈ ભાઈ સહુ સાથે ॥૪૪॥
બુદ્ધ લળી લાગ્યો પ્રભુ પાય, નિર્ખિ નાથ હરખ ન માય ।
કહે ધન્યધન્ય મારા નાથ, આજ મુજને કર્યો સનાથ ॥૪૫॥
પછી તરત કર્યો દૂધપાક, કર્યાં પાસળે સુંદર શાક ।
બીજાં કર્યાં છે બહુ ભોજન, વળી વિધવિધનાં વ્યંજન ॥૪૬॥

તેણે જમાડ્યા જગજીવન, જનભાવે જમ્યા ભગવન ।
બોલ્યા જમતાં જમતાં નાથ, હેત રાખીયે હરિજન સાથ ॥૪૭॥
સાચા સગા સતસંગી જાણો, આ લોક પરલોકના પ્રમાણો ।
તેશું વઢી ન કિજીયે વેર, માંહોમાંહિ ન વાવીયે ઝેર ॥૪૮॥
એમ વાત કરી ભગવન, દીધાં બહુ જનને દર્શન ।
દિઠા સહુ જને પ્રકટ પ્રમાણ, પછી ન દિઠા શ્યામ સુજાણ ॥૪૯॥
ત્યારે આશ્ચર્ય પામ્યા તેવાર, થયો પરચો કહે નરનાર ।
એમ કહીને પામ્યા આનંદ, નિશ્ચે જાણો કહે નિષ્કુળાનંદ ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને ચોપનમું પ્રકરણમ્ ॥૧૫૪॥